# પાલનપુરમાં બંધ મકાનને નિશાન બનાવતાં તસ્કરો

## રોકડ રકમ, સોના- ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૧.૯૫ લાખના મુદ્દામાલની ચોરી

પાલનપુર

પાલનપુરના બેચરપુરા વિસ્તારમાં તસ્કરોએ બુધવારે રાત્રે એક બંધ મકાનને નિશાન બનાવ્યું હતુ. જેમાંથી રોકડ રકમ તેમજ સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૧.૯૫ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. આ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે ગૂનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરમાં શિયાળાની શરૂઆતની સાથે જ તસ્કર ટોળકી સક્રિય થવા પામી છે. જ્યાં બેચરપુરા વિસ્તારમાં એક બંધ મકાનને નિશાન બનાવ્યું હતુ. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ મહેશભાઇ શંકરભાઇ કર્ણાવત (પટેલ)ના બંધ મકાનના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. જેમાંથી રોકડ રકમ રૂપિયા ૨૫,૦૦૦ તેમજ રૂપિયા ૧,૭૦,૦૦૦ના સોના- ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૧,૯૫,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. આ અંગે પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા શખ્સો સામે ગૂનો નોંધી તેમને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# ખેડબ્રહ્મા અર્બુદા સમાજવાડી ખાતે ભાજપ મંડળની બેઠક યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૭



સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે ભારતીય જનતા પાર્ટી સંગઠન દ્વારા તમામ તાલુકાઓમાં કારોબારી સમિતિની જ રચના કરવામાં આવી. ભાજપ ખેડબ્રહ્મા તાલુકામાં પ્રમુખ તરીકે સુરેશ પટેલ ભગતની વરણી કરવામાં આવી હતી. તેના જ ભાગરૂપે ખેડબ્રહ્મા તાલુકામાં તેમજ શહેરમાં વરણી કરવામાં આવી જ્યારે ખેડૂતોમાં શહેર ભાજપ પ્રમુખ તરીકે અરવિંદભાઈ રાવલ, મહામંત્રી તરીકે ધર્મેન્દ્ર મહેતાની નિમણૂક કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રદીપસિંહ વાઘેલા, સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ જિલ્લા ઉપાધ્યક્ષ નટવરસિંહજી ભાટી, નગરપાલીકા પ્રમુખ ઝલકબેન, ઉપપ્રમુખ અરવિંદભાઈ ઠક્કર તેમજ શહેરના મોટાભાગના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ નિર્ણયને આ કાર્યકર્તાઓએ આવકારીને અભિનંદન પાઠવ્યા હતા.

# ખેડબ્રહ્મા તાલુકા અને શહેરના પ્રમુખ-મહામંત્રીની વરણી કરાઈ

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે ભારતીય જનતા પાર્ટી સંગઠન દ્વારા તમામ તાલુકાઓમાં કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી. એમા ભાજપ ખેડબ્રહ્મા તાલુકામાં પ્રમુખ તરીકે સુરેશભાઈ પટેલ વરણી કરવામાં આવી હતી તેમજ મહામંત્રી તરિકે હિતેન્દ્રસિહ ચૌહાણ ની વરણી કરાઈ હતી તેના જ ભાગરૂપે ખેડબ્રહ્મા તેમજ શહેરમાં વરણી કરવામાં આવી. જ્યારે ખેડબ્રહ્મા શહેર ભાજપ પ્રમુખ તરીકે અરવિંદભાઈ રાવલ મહામંત્રી તરીકે ધર્મેન્દ્ર મહેતા તથા પ્રશાંત ભાઈ પટેલ ની નિમણૂક કરવામાં આવી હતી.

આ પ્રસંગે પ્રદીપસિંહ વાઘેલા, સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ જિલ્લા ઉપાધ્યક્ષ નટવરસિંહજી ભાટી, નગરપાલિકા પ્રમુખ ઝલકબેન, ઉપપ્રમુખ અરવિંદભાઈ ઠક્કર તથા નગરપાલિકા ના સભ્યો તેમજ શહેરના મોટાભાગના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ નિર્ણયને આ કાર્યકર્તાઓએ આવકારીને નવા વરાયેલા બંન્ને પ્રમુખોને અભિનંદન આપ્યા હતા.

# ડીસામાં વિદેશી દારૂની હોમ ડિલિવરી કરતો શખ્સ ઝડપાયો

## શહેરમાં દ્વિચક્રી વાહનો પર દારૂની હોમ ડીલીવરી કરતા શખ્સો બેફામ

ડીસા, તા. ૭

બનાસકાંઠા જિલ્લાના તાલુકા અને વેપારી મથક ડીસામાં દેશી અને વિદેશી દારૂનું ધૂમ પ્રમાણમાં વેચાણ થાય છે જેમાં વિદેશી દારૂની તો હોમ ડિલિવરી કરતા બુટલેગરો બેફામ બન્યા છે. માત્ર એક ફોન ઉપર ઘરે બેઠા દારૂની હોમ ડિલિવરી દ્વિચક્રી વાહન દ્વારા આપવામાં આવે છે. બાઈક અને એક્ટિવા ઉપર સરળતાથી વિદેશી દારૂની ખુલ્લેઆમ હેરાફેરી કરતા અનેક બુટલેગરો પોલીસની રહેમ નજર તળે બેફિકર બની વિદેશી દારૂનો મોટા પાયે વેપલો કરી રહ્યા હોવાની બાતમી આધારે બુધવારે ઉત્તર પોલીસની ટીમે વોચ ગોઠવી હતી. જેમાં એકટીવાની ડેકીમાં વિદેશી દારૂની ૧૩ બોટલ લઈ જતા નિકુલ બંસીલાલ મોદી ઉત્તર પોલીસના હાથે રંગે હાથ ઝડપાઇ જવા પામ્યો હતો. પોલોસે તેની વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વિદેશી દારૂ (કિ. રૂ.૨૨૫૦) એક મોબાઈલ ફોન અને એક્ટિવા પણ કબ્જે કરી નિકુલ બંસીલાલ મોદી અને નિકો મોદી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વિદેશી દારૂની ખુલ્લેઆમ હોમ ડિલિવરી કરતા બુટલેગરો સામે આખરે પોલીસે લાલ આંખ કરતા આમ પ્રજાએ હાશકારો અનુભવ્યો છે.

# હિંમતનગરમાંથી એક વર્ષથી નાસતો ફરતો શખ્સ પકડાયો

હિંમતનગર, તા. ૭

હિંમતનગર તાલુકાના ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં એક વર્ષ અગાઉ દારૂના ગુનામાં સપડાયેલ શખ્સ નાસતો ફરતો હતો. જેને બુધવારે એલસીબીએ બાતમીને આધારે ખેડ તસીયા રોડ પરથી ઝડપી લઈને ગાંભોઈ પોલીસને હવાલે કર્યો હતો.

આ અંગે એલસીબીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૮માં ગુના રજીસ્ટર નં. ૫૨૬૦માં હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ શિવનગર સોસાયટીમાં રહેતા ભગાભાઈ ઉર્ફે ભગવતીભાઈ બંસીલાલ ચાવલા વિરૂદ્ધ દારૂની હેરાફેરી સંદર્ભે ફરીયાદ નોંધાઈ હતી. તેમ છતાં તે પોલીસને થાપ આપી નાસતો ફરતો હતો.

દરમ્યાન બુધવારે આ અંગે સાબરકાંઠા એલસીબીને એવી બાતમી મળી હતી કે નાસતો પરતો ભગાભાઈ ચાવલા ખેડ તસીયા રોડ પર ફરી રહ્યો છે. જે આધારે એલસીબીએ વોચ ગોઠવીને એક વર્ષથી નાસતા ફરતા તથા ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જેની સામે ફરીયાદ નોંધાઈ હતી તે ભગાભાઈ ચાવલાને એલસીબીએ દબોચી લઈને વધુ તપાસ અર્થે ગાંભોઈ પોલીસને હવાલે કર્યો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# શેરપુરા ગામમાં બેનને મળવા ગયેલા ભાઈ પર જીવલેણ હુમલો

## જૂની અદાવતમાં ગામના ૩ માથાભારે શખ્સો હુમલો કરી ફરાર : પોલીસવડાની સતર્કતાથી ઇજાગ્રસ્તનો જીવ બચ્યો

ડીસા, તા. ૭

ડીસા તાલુકાના શેરપુરા ગામમાં દિવાળી નિમિત્તે બહેનને મળવા ગયેલા ભાઈ સહિતના પરિવારજનો પર જૂની અદાવતને લઈને ગામના જ ત્રણ માથાભારે શખ્સોએ જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં પોલીસ વડાની સતર્કતાથી ઈજાગ્રસ્તો આરોપીઓની ચુંગાલમાંથી છુટ્યા હતા. જોકે, આ હિચકારા હુમલામાં એક ભાઈને માથાના ભાગે અતિ ગંભીર ઈજા થતા તેઓને સારવાર અર્થે મહેસાણા ખસેડાયા હતા.



પ્રાપ્ત વિગતો મુજબ, ડીસાના અમૃતનગર સોસાયટીમાં રહેતા ગણપતભાઈ સોલંકી, કાંતિલાલ સોલંકી તેમની માતા ગલબીબેન સોલંકી સાથે દિવાળી નિમિત્તે તેમની શેરપુરા ખાતે રહેતી બહેનને મળવા ગયા હતા. દરમિયાન જૂની અદાવતને લઈને ગામના માથાભારે ત્રણ શખ્સો મોકાનો લાભ ઉઠાવી બહેનને ત્યાં મળવા આવેલા નિહથ્થા પરિવાર પર જીવલેણ હુમલો કરતા રીતસરના તૂટી પડ્યા હતા. શેરપુરા ગામના દિનેશ ભીખાજી માળી, નેનાજી ભીખાજી માળી અને નરસિંહ ભીખાજી માળી નામના માથાફરેલ શખ્સોએ તીક્ષ્ણ હથિયાર વડે કરેલા જીવલેણ હુમલામાં ગણપતભાઈ સોલંકીને માથાના ભાગે ધારીયાનો ઊંડો ઘા લાગતા ગંભીર ઈજા પહોંચી હતી. જ્યારે તેઓના ભાઈ કાંતિલાલ સોલંકી અને માતાને પણ ગડદાપાટું સહિતનો બેઠો માર મારી હુમલો કર્યો હતો. હુમલા બાદ પણ આરોપીઓ ઈજાગ્રસ્તોને ગોંધી રાખી તેમનું કાસળ કાઢી નાખવાનો બદઈરાદો ધરાવતા હતા. જોકે, આ અંગે જિલ્લા પોલીસ વડાને જાણ કરાતા તેઓની સતર્કતાને પગલે પોલીસ ઘટનાસ્થળે જવા રવાના થઈ હતી. જેની ગંધ આવી જતા પોલીસના હાથે પકડાઈ જવાની ડરે આરોપીઓ ઉભી પૂછડીએ ભાગી છૂટ્યા હતા.

દરમિયાન ૧૦૮ મોબાઈલ વાન દ્વારા ઈજાગ્રસ્ત ગણપતભાઈ સોલંકીને સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેઓની હાલત નાજુક જણાતા તેઓને વધુ સારવાર અર્થે મહેસાણા ખાતેની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેઓ ન્યુરો સર્જનની દેખરેખ હેઠળ હોસ્પિટલના બિછાને સારવાર લઈ રહ્યા છે. આ અંગે બાબુજી રૂપાજી સોલંકીની ફરિયાદને આધારે આગથળા પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તેઓને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.



## ડીસા લીલાશા બાપુની પુણ્યતિથિની ઉજવણી કરાઈ

ડીસાના સિંધી કોલોની વિસ્તારમાં આવેલ લીલાશા મહારાજની પુણ્યતિથિની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી હતી અને મંદિર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ડીસા શહેરમાં સિંધી સમાજના ગુરૂ એવા પૂજ્ય લીલાશા મહારાજની આજે ૪૬મી પુણ્યતિથિની ઉજવણી કરવામાં આવી હતી. શહેરના સિંધી કોલોની ખાતે આવેલ લીલાશા મહારાજના મંદિર ખાતે સવારથી જ દર્શનાર્થે મોટી સંખ્યામાં સિંધી સમાજ સહિત અન્ય સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સવારે આરતી હવન અને બપોરે ભંડારાનું આયોજન કરાયું હતું. જ્યારે સાંજે મહા આરતીનું પણ આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં સિંધી સમાજના પ્રમુખ ગોવિંદભાઈ ભાગચંદાની વિજય હેમનાની દિલીપભાઈ ઠરીયાની વલ્લભભાઈ વલ્લુભાઈ ગગવાણી ગોવિંદભાઈ માખીજા સહીત સિંધી સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# નવસારી, વલસાડ, ડાંગ અને તાપીમાં વરસાદ

## સિવિલ હોસ્પિટલમાં પાણી ભરાતા દર્દીઓ પરેશાન : નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા, લગ્નનો મંડપ ધરાશાયી

સુરત,તા.૭

મહા વાવાઝોડાની અસરના પગલે વહેલી સવારથી સુરત સહિત દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો છે. વહેલી સવારે ૪ વાગ્યે ધીમીધારે શરૂ થયેલો વરસાદ હાલ ધોધમાર રૂપે પડી રહ્યો છે. જેને પગલે નોકરી ધંધે જતા લોકોને અસર પહોંચી છે. જ્યારે લિંબાયત અને ઉધનાના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે અને લિંબાયતમાં લગ્નનો મંડપ ધરાશાયી થઈ ગયો હતો. જોકે, કોઈ જાનહાનિ સર્જાઈ નથી.

બુધવારે સવારે ૬ વાગ્યાથી સવારે ગુરુવારે ૬ વાગ્યા સુધીમાં દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લાના માંગરોળમાં સૌથી વધુ ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. જ્યારે ઓલપાડમાં ૧૧ મિમિ, સુરત સિટીમાં ૧૦ મિમિ, ચોર્યાસીમાં ૮ મિમિ, કામરેજમાં ૩ મિમિ અને નવસારી જિલ્લામાં જલલાપોરમાં ૧૧ મિમિ વરસાદ નોંધાયો હતો. જ્યારે આજે સવારે આવેલા વાતાવરણમાં પલટાથી ધોધમાર વરસાદ નોંધાયો છે. જેમાં સુરત જિલ્લાના ઉમરપાડામાં ૪૧ મિમિ વરસાદ નોંધાયો છે. માંડવીમાં ૪ મિમિ, કામરેજમાં ૩ મિમિ, પલસાણામાં ૩ મિમિ વરસાદ નોંધાયો છે.

# જીતુ વાઘાણીએ કોંગ્રેસને ‘કાળા કીડા’ કહેતા રાજકારણ ગરમાયું

ઝંખવાવ,તા.૭

ઝંખવાવમાં આયોજિત સ્નેહમિલન કાર્યક્રમમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ આપેલાં એક નિવેદનને કારણે રાજકારણ ગરમાયુ છે. અને આ મુદ્દે આગામી સમયમાં વિવાદ છેડાઈ શકે તેવી સંભાવના છે. ઝંખવાવ સ્નેહમિલન કાર્યક્રમમાં સભાને સંબોધન કરતાં જીતુ વાઘાણીએ કોંગ્રેસને કાળો કીડો કહી હતી. ભાજપ પ્રદેશ અધ્યક્ષની આ ટિપ્પણીથી વિવાદ ઉભો થઈ શકે છે.

આ ઉપરાંત ઝંખવાવ સ્નેહમિલન કાર્યક્રમમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષે પાર્ટીમાં નવા લોકોને લઈને પણ વાત કહી હતી. જીતુ વાઘાણીએ કહ્યું કે, પક્ષમાં જોડાતા નવા સભ્યો માટે પૂર્વગ્રહ ન રાખવો. પાર્ટીમાં નવા સભ્યો જોડાશે તો તમારું પદ અને ટિકિટ નહીં જાય. તમારી ટિકિટ અને પદ જશે એવું મનમાંથી કાઢી નાખજો. આમ વાઘાણીએ ભાજપનાં જૂનાં સભ્યોને નવા સભ્યોને આવકારવા માટે કહ્યું હતું.



## ભિલોડા પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતીની બેઠક યોજાઈ

ભિલોડા પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતીની બેઠક યોજાઈ હતી.હિન્દુ અને મુસ્લીમ સમાજના સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આગામી દિવસોમાં આવનાર રામ મંદિરના ચુકાદાને લઈ શાંતિ સમિતીની બેઠક યોજાઈ હતી.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એસ.એચ.પરમાર,ગુણવંતભાઈ ત્રિવેદી,કાંતીલાલ પટેલ,અરવિંદભાઈ બારોટ,અજીતભાઈ મકરાણી,સફીભાઈ મનસુરી,એહમદભાઈ મનસુરી સહિત સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.




## હિમતનગરમાં નવીન પોલીસ ચોકી ખુલ્લી મુકાઈ

સાબરકાંઠા જીલ્લાનું મુખ્ય મથક હિમતનગર શહેરમાં વધી રહેલ ટ્રાફિકને લઈને પોલીસ વિભાગે હવે શહેરના વિવિધ વિસ્તારમાં નવીન પોલીસ ચોકી બનાવવાનું શરૂ કર્યું છે. ત્યારે શહેરમાં બે મહિનામાં વિવિધ વિસ્તારમાં ૧૦ જેટલી નવીન પોલીસ ચોકી બનાવવાની વાત જીલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલિકે કરી હતી. ત્યારે આજે ૧૦ પૈકી પ્રથમ પોલીસ ચોકી હિમતનગર શહેરના મહાવીરનગર ચાર રસ્તે બનાવવામાં આવી હતી જેનું રીબીન કાપી પૂજન અર્ચન સાથે દીપ પ્રગટાવી જીલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલીકે ખુલ્લી મૂકી હતી. તો શહેરના મહાવીનગર ઉપરાંત છાપરીયા, સહકારી જીન, રિલાયન્સ મોલ, ટાવર ચોક સહિતના વિસ્તારમાં અગામી બે મહિનામાં પોલીસ ચોકી ઉભી કરવામાં આવશે જેથી પોઈન્ટ પરના પોલીસ કર્મચારીઓ તેનો ઉપયોગ કરી શકશે તો પ્રજા અને પોલીસ વચ્ચે સહેલાઈ પડી શકે તેવું માધ્યમ નવીન પોલીસ ચોકી બનશે તેવું વધુમાં જીલ્લા પોલીસ વડે જણાવ્યું હતું. આ પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક મીનાક્ષીબેન પટેલ, પ્રોબીશન નાયબ પોલીસ અધિક્ષક વિશાલ રબારી, એલસીબી પીઆઈ વી.આર. ચાવડા, એસઓજી પીઆઈ એમ.એમ. સોલંકી, જીલ્લા ટ્રાફિક પીએસઆઈ એ.વી. દેસાઈ, બી ડીવીઝન પીએસઆઈ એ.એન. ગઢવી સહીત ટ્રાફિક પોલીસ સ્ટાફ હાજર રહ્યા હતા.

# હિંમતનગરના બે માથાભારે શખ્સ પકડાયા

## પોલીસે હાજીપુરમાંથી પકડેલા આ શખ્સોને શામળાજી પોલીસને હવાલે કર્યા

હિંમતનગર, તા. ૭

અરવલ્લી, રાજસ્થાન અને સાબરકાંઠામાં અનેક બેનામી ધંધામાં સંડોવાયેલા મનાતા બે માથાભારે શખ્સોને હિંમતનગર બી. ડીવીજન પોલીસે બાતમીને આધારે ગુરૂવારે હિંમતનગર પાસેના હાજીપુર ખાતેથી ઝડપી લઈ અરવલ્લી જિલ્લાના વડાલી પોલીસને હવાલે કર્યા હતા.

આ અંગે હિંમતનગર બી.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ એ.એન. ગઢવીના જણાવાયા મુજબ શામળાજી પોલીસ સ્ટેશનમાં થોડા સમય અગાઉ દારૂની હેરાફેરીના ગુનામાં સંડોવાયેલા મનાતા અને હિંમતનગર પાસેના હાજીપુર ખાતે રહેતા ખેરાજ પ્રકાશભાઈ ખત્રી તથા કરણ ઉર્ફે સની ગિરીશભાઈ રાઠોડ વિરૂદ્ધ નોંધાયેલી ફરીયાદ બાદ તેઓ પોલીસને થાપ આપી નાસતા ફરતા હતા. દરમ્યાન ગુરૂવારે હિંમતનગર બી. ડીવીજન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતા ત્યારે તેમને એવી બાતમી મળી હતી કે આ બંને શખ્સો હિંમતનગર પાસેના હાજીપુર ખાતે આવેલ શ્રી વિલાસ સોસાયટીના મકાન નં. ૪૮માં રહે છે. જેથી પોલીસે છાપો મારીને આ બંને નામચીન શખ્સોને દબોચી લઈ વધુ તપાસ માટે શામળાજી પોલીસને હવાલે કર્યા હતા.

વિશ્વસનીય સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ખેરાજ ખત્રી વિરૂદ્ધ દારૂની હેરાફેરીમાં તથા છેડતી અને મહીલાઓની સતામણી કરાતા તેની વિરૂદ્ધ રાજસ્થાન, મહેસાણા, હિંમતનગર સહીત અન્ય સ્થળે ગુના નોંધાયા હોવા છતાં તે બિન્દાસ ફરી રહ્યો છે.જેથી પોલીસે તે ગુનાઓની તપાસ કરીને તેની સામે સખ્ત કાર્યવાહી કરવી જોઈએ.



## ભિલોડા ગ્રામ પંચાયત કચેરીમાં વિધવા સહાય યોજના હેઠળ કેમ્પ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ભિલોડા ગ્રામ પંચાયત કચેરીમાં સમાજ સુરક્ષા વિભાગની યોજનાઓ અંતર્ગત વિધવા સહાય,નિરાધાર વૃધ્ધ સહાય યોજના અંતર્ગત નિઃશુલ્ક કેમ્પ ઉત્સાહભેર યોજાયો હતો.વિધવા અને વૃધ્ધ સહાય મેળવવા લાયક અરજદારોને માર્ગદર્શન આપી સેવાકીય પ્રવૃત્તી કરાઈ હતી.ભિલોડા મામલતદાર સંજયભાઈ પટેલ,ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અંબિકાબેન ગોરધનભાઈ ગામેતી,તલાટી ક્રમ મંત્રી ગોપાલભાઈ આર.ભટ્ટ,હેડ ક્લાર્ક ભુપેશભાઈ એ.રાઠોડ,મહેશભાઈ પટેલ,ગુણવંતભાઈ ત્રિવેદી,કાંતીલાલ પટેલ,મુકેશભાઈ મહેતા,રવિન્દ્રભાઈ ઠાકોર,અલ્પાબેન ઠાકોર,ધીરાજી ઠાકોર,રામસિંઘભાઈ ઓડ,સ્ટાફ પરીવાર,ગ્રામ પંચાયત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.વિધવા સહાય અને નિરાધાર વૃધ્ધ સહાય કેમ્પ દરમ્યાન ૨૫૦ થી વધુ અરજદારોના ફોર્મ નિઃશુલ્ક ભર્યા તે દરમ્યાન ભિલોડા ગ્રામ પંચાયત મત વિસ્તારના અરજદારોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# પત્ની સાથે જમવાનું તીખુ બનાવવાના ઝઘડામાં માઠું લાગતા પતિએ ફાંસો ખાધો

સુરત,તા.૭

ડિંડોલીમાં બે દિવસ પહેલા પત્નીએ જમવાનું તીખુ બનાવવાના મુદ્દે થયેલા ઝઘડામાં માઠું લાગી આવતા પતિએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી જ્યારે બીજા બનાવમાં ભાઠેનામાં વૃદ્ધ રિક્ષાચાલકે કોઈ કારણ સર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

સ્મીમેર હોસ્પિટલથી મળેલી વિગત મુજબ ડિંડોલીના નવાગામ ખાતે શિવાજી પાર્કમાં રહેતા ૪૩ વર્ષીય કૈલાશભાઈ ગણેશભાઈ મહાજન ગઈ તારીખ પાંચમી રાત્રિ દરમિયાન ઘરમાં બેડરૂમમાં છતના લોખંડના હુક સાથે દોરી બાંધી ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું.

પોલીસ સૂત્રોએ કહ્યું હતુ કે કૈલાશ ભાઈની પત્ની ફલાવરનું શાક તીખુ બનાવ્યું હતું. આ મુદ્દે દંપતી વચ્ચે બોલાચાલી થઈ હતી. જેમાં તેમને માથું લાગી આવતા આ પગલુ ભર્યું હતું. કૈલાશભાઈને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. તે રિક્ષા ચલાવતા હતા. આ અંગે ડીંડોલી પોલીસે તપાસ આદરી છે.

બીજા બનાવમાં ભાઠેનામાં ઉમિયા માતાના મંદિર પાસે રજા નગરમાં રહેતા ૫૪ વર્ષીય સૈયદ હમજદ અલી ગઈકાલે બપોરે ઘરમાં કોઈ કારણસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. તેમને ચાર સંતાન છે. તે રિક્ષા ચલાવતા હતા. આ અંગે સલાબતપુરા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ’મહા’ અસર : ૩ લાખ હેક્ટર જમીનમાં ડાંગરનાં પાકને નુકસાન થતા ખેડૂતોને હાલાકી

સુરત,તા.૭

મહા વાવાઝોડાને પગલે રાજ્યભરમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે ખેડૂતોનાં ઊભો પાક નાશ પામ્યો છે. દક્ષિણ ગુજરાતમાં પડેલા કમોસમી વરસાદનાં કારણે ડાંગરનાં પાકને ઘણું જ નુકસાન થયું છે. એક અંદાજ પ્રામાણે એકલા સુરતમાં ૩ લાખ હેક્ટર જમીનમાં પાકને નુકસાન પહોંચ્યું છે. આ ખેડૂતોનો ડાંગરનો તૈયાર પાક નષ્ટ પામ્યો છે. જેના કારણે ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે.

દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લાના માંગરોળમાં સૌથી વધુ ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. જ્યારે ઓલપાડમાં ૧૧ મિમિ, સુરત સિટીમાં ૧૦ મિમિ, ચોર્યાસીમાં ૮ મિમિ, કામરેજમાં ૩ મિમિ અને નવસારી જિલ્લામાં જલલાપોરમાં ૧૧ મિમિ વરસાદ નોંધાયો હતો. જ્યારે સવારે આવેલા વાતાવરણમાં પલટાથી ધોધમાર વરસાદ નોંધાયો છે. જેમાં સુરત જિલ્લાના ઉમરપાડામાં ૪૧ મિમિ વરસાદ નોંધાયો છે. માંડવીમાં ૪ મિમિ, કામરેજમાં ૩ મિમિ, પલસાણામાં ૩ મિમિ વરસાદ નોંધાયો છે.

ખેડૂતો પોતાની આપવીતિ જણાવતા કહી રહ્યાં છે કે, ’અમારો તૈયાર પાક પલળી ગયો છે. જો હવે એકવાર ફરીથી વરસાદ પડશે તો આ પાક ઢોરને ખાવા માટે પણ કામ નહીં લાગે. અહીંનાં ખેડૂતોનો મુખ્ય ધંધો પશુપાલન અને ખેતીનો છે. જેમાંથી ખેતી તો આ વખતે સંપૂર્ણપણે નાશ પામી છે. જેનાથી પશુઓને ખવડાવવાનો ઘાસચારો પણ બચ્યો નથી જેથી આ વર્ષે પશુઓને ખવડાવવાનાં પણ વાંધા છે.’